ગાંધીનગર સમાચાર
તા. ૫-૪-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજકારણમાં ધર્મકારણની બોલબાલા

રાજકારણ અને ધર્મ-સંપ્રદાય બેઉ અલગ બાબતો છે. ધર્મમાં રાજકારણની દખલ ન હોવી જોઈએ એમ રાજકારણની દખલ ન હોવી જોઈએ એમ રાજકારણ સાથે ધર્મ જેવી અંગત આસ્થાની બાબતને સાંકળવાનું પાપ પણ ન જ થવું જોઈએ. આવા આદર્શો હવે પોથીમાંનાં રીંગણાં બની ચૂક્યા છે. રાજકારણીઓ એમના ક્ષુલ્લક સ્વાર્થ ખાતર ધર્મ-સંપ્રદાય અને જનસાધારણની શ્રદ્ધાને વટાવતા રહ્યા છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ પર ભવ્ય રામમંદિર બનાવવાનો સંકલ્પ લઈ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાએ સોમનાથથી રથયાત્રા કાઢી દેશ આખામાં ધાર્મિક ઉન્માદ જગાવ્યો હતો. કોંગ્રેસ સામે રામનું જ ધનુષ ઉગામી ભારતીય જનતા પાર્ટીએ હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાનું ધ્યેય રાખેલું અને ગામે ગામથી ઈંટો તથા રોકડ ફાળો ઉઘરાવ્યો હતો. સત્તા પર આવવા માટે ધર્મનિરપેક્ષ પ્રાદેશિક પક્ષો સાથે જોડાણ કરવું જરૂરી હતું, પરિણામે જે કૉમન મિનિમમ પ્રોગ્રામ ઘડાયો એમાં રામમંદિરનો મુદ્દો હાંસિયે ધકેલાઈ ગયો હતો. વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ભારતીય જનતા પાર્ટીને હિંદુત્વના મૂળ એજન્ડા પર આણવા કૃતસંકલ્પ છે. બીજી તરફ સંઘના જ મુખપત્ર 'ઑર્ગેનાઈઝર' દ્વારા કરાવાયેલ સર્વેક્ષણમાં મંદિરનો મુદ્દો બીજા ક્રમે પહોંચી ગયો છે. મતદારો વિકાસના મુદ્દાને અગ્રતા આપી રહ્યા છે. નરેન્દ્ર મોદી સંઘના જ પ્રતિનિધિ તરીકે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રોજેકટ થયેલ છે. એમની છાપ કટ્ટર હિંદુત્વવાદી નેતાની છે. ગોધરાકાંડ અને તે પછીના નરસંહાર પછી એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ (!) સાંપડી છે. પરંતુ 'મિશન ૨૭૨+' માટે લઘુમતી સમાજના અને પછાતવર્ગો તથા અનુસૂચિત જાતિ- જનજાતિના મતદાર સમુદાયને પણ સાથે રાખવા પડે એમ હોઈ એમણે સતત ગુજરાતના વિકાસ મોડલનું જ વાજું વગાડ્યે રાખ્યું, પરંતુ હવે જયારે ચૂંટણી બહુ નજીક છે ત્યારે એમણે કેન્દ્ર સરકારની ટીકા માટે સાચવી રાખેલું બ્રહ્માસ્ત્ર છોડ્યું છે. બિહારમાં એમના પરમ સમર્થક ગિરિવરસિંહના મતવિસ્તાર નવાદા ખાતે યોજાયેલ રેલીમાં એમણે ગુજરાતના વ્હાઈટ રિવોલ્યુશન-શ્વેતક્રાંતિ અને હરિતક્રાંતિ સામે મનમોહન-સોનિયાની યુપીએ સરકાર દ્વારા આરંભાયેલી 'પિંક-રિવોલ્યુશન'નો મુદ્દો છેડીને સરકાર ગૌમાંસ નિકાસ વધારી રહી હોવાનો ધૃણાસ્પદ આક્ષેપ મૂક્યો છે. આ મુદ્દો બરાબર શાહી ઈમામની સોનિયા ગાંધી સાથેની મુલાકાતના પછીના જ દિવસે ચર્ચાયો છે. મુસલમાનો એક તરફી મતદાન કરી સાંપ્રદાયિક શક્તિઓને પરાજિત કરે, એ મતલબની વિનંતી યુપીએ અધ્યક્ષા તરફથી શાહી ઈમામ સાથે એમને મળવા ગયેલ મુસ્લિમ અગ્રણીઓના પ્રતિનિધિમંડળ સમક્ષ કરાઈ છે. શાહી ઈમામ આ મુદ્દે સહમત થયા છે અને શુક્રવારની નમાજ પછી તે આ અંગે ફતવો જાહેર કરે એવી સંભાવના છે. મુસ્લિમોને એક તરફી મતદાન કરવાની અપીલ કોંગ્રેસ વિરુદ્ધ બૂમરેંગ થાય એવી પૂરી સંભાવના છે. એથી હિંદુ મતદારોનું ધ્રુવીકરમ કરવા માગતી વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પૂરી તાકાત લગાવી 'હિંદુ હૃદય સમ્રાટ' નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવી ગુજરાત પૅટર્ન પર હિંદુ હિતોની રખેવાળી માટે પ્રચાર આરંભાશે. છેલ્લા તબક્કામાં રામમંદિર અને કાશ્મીર માટેની કલમ-૩૭૦ પણ ફરી પાછાં ચર્ચામાં આવે એવી શકયતા નકારી શકાય નહીં, બલકે ભાજપ આ જ ગર્ભિત મુદ્દાઓ પર પૂરું ધ્યાન આપી હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાની તૈયારીમાં જ છે. મોદી પણ સમજે છે કે એમને મોટાભાગના મુસ્લિમો શંકાની નજરે જુએ છે. તેથીસ્તો એ સદ્‌ભાવના જેવાં નાટકો કરતી વખતે પણ મલ્લાં ટોપી ધારણ કરવાની ના પાડી દે છે, એમની સાથે મુસલમાનોનો બહુ જ નાનો વેપારી સમુદાય અને એમ.જે. એકબર કે મુઝફફર હુસેન જેવા થોડા બૌદ્ધિકો સિવાય કોી સાંપ્રદાયિક ધર્મગુરુ અથવા મોટાગજાના મૌલવી નથી. એમમે ગુજરાત વિધાનસભામાં કે લોકસભાની ચૂંટણીમાં એકપણ મુસલમાનને ટિકિટ આપવાની ઉદારતા દાખવી નથી. ઉતાવળે પક્ષમાં સામેલ કરાયેલા જદ(યુ) નેતા સાબિર અલીને પણ પક્ષમાં થયેલ વ્યાપક વિરોધને પગલે પાછા તગેડી મૂકવા પડ્યા છે. પરંતુ મોદીને મુસલમાન મતોનું ધ્રુવીકરણ અટકાવવામાં મુલાયમ, માયાવતી અને નીતીશકુમાર ઉપરાંત ખુદ કેજરીવાલ જેવા સીધા હરીફ મદદરૂપ થઈ શકે એમ છે. 'સેકયુલર' છબીના નામે એ બધા કોંગ્રેસ તરફી ઝૂકતી મુસ્લિમ મતબેંકમાં તિરાડ ઊભી કરી શકે એમ છે. મુલાયમસિંહનું તો નામ જ ભાજપના નેતાઓએ 'મુલ્લા મુલાયમ' પાડ્યું છે. મુલાયમ એમની વડાપ્રધાનપદની મંશા પાર પાડવા સચ્ચર કમિટીના તમામ નિર્દેશો સ્વીકારવા અને મુસલમાનોને કેરળ પૅટર્ન પર અનામત આપવા તૈયાર થઈ ગયા છે. મુસલમાનોના નિર્ણાયક મતો વહેંચાઈ જાય તો ધર્મનગરી- વિશ્વનાથની નગરી વારાણસીના હિંદુત્વ હીરો માટે દિલ્હીનો રસ્તો સરળ બની શકે એમ છે.

# અરીહંત ફાર્મસી ઈન્સ્ટીટયુટ ખાતે ફાર્માક્રોમ-૧૪નો શુભારંભ

## ટેક્નીકલ અને નોન ટેક્નીકલ સ્પર્ધાઓ યોજાશે






ગાંધીનગર, તા.૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી આયોજીત ટેકફેસ્ટ ૨૦૧૪નો શુભારંભ અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતની અલગ અલગ કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

આજ રોજ અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજીત ટેકફેસ્ટ ૨૦૧૪ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ફાર્મસી શાખા માટે ફાર્માક્રોમ-૧૪ યોજાયું હતું.

ટેકફેસ્ટ ૧૪માં ગુજરાતની અલગ અલગ કોલેજના એક હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટેકનીકલ અને નોન ટેકનીકલ સ્પર્ધા યોજાઈ હતી.

ટેકનીકલ સ્પર્ધામાં મોડેલીયા પ્રેસેન્તા, એડ.મેડ. શો, ફાર્મા રેસીપી, માય સેલ્ફ મેડીસીન, પોસ્તેરીયા પ્રેસેન્તા, કેસ સ્ટડી, કવીઝ તેમજ નોન ટેકનીકલમાં સ્ટ્રાઈકર, બાઈન્ડર સોકર, મ્યુટેડ વિડીયો, ટ્રીઝર હન્ટ ડ્રોઈંગ, પેપરટોસ, બૂક બેલેન્સ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જી.ટી.યુ. ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ.જી.પી.વડોદરિયા, ગુજકોસ્ટ મેમ્બર સેક્રેટરી ડૉ. નરોત્તમ શાહુ, પ્રોફેસર, ડૉ. મનીષ રાંછ તેમજ અરીહંત સેવા સમિતિના ચેરમેન ઋષભ જૈન ઉપસ્થિત રહ્યા હતાં.

# ખરાબ રસ્તાના લીધે બસથી ઘણી ઉત્તરવહી પડી ગઈ હશે

## ઉત્તરવહીઓ લઇ જવાની જવાબદારી સંભાળતા ક્લાર્કની પ્રાથમિક પુછપરછ : ભારે બેદરકારીનો મામલો સપાટીએ

અમદાવાદ, તા.૦૪

વડોદરામાં ધોરણ-૧૨ની ૩૯ ઉત્તરવહીઓ રસ્તા ઉપરથી મળી આવવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જેના પગલે સમગ્ર ઘટનામાં બોર્ડ તપાસ હાથ ધરી આ ઉત્તરવહીઓ લઈ જવાની જેને જવાબદારી સોંપવામાં આવી હતી તે કલાર્કની પ્રાથણિક પુછપરછ કરી હતી. જો કે કલાર્કે એવો જવાબ આપ્યો હતો કે, ઉબડ-ખાબડ રસ્તા પર જતાં જે મીની બસમાં ઉત્તરવહી લઈ જવાતી હતી તેની બારી ખુલી જતાં ઉત્તરવહીઓ બહાર પડી ગઈ હશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ વડોદરામાં ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાની ઉત્તરવહીઓ રસ્તા ઉપરથી મળ્યાની ઘટનાના આજે ત્રીજા દિવસે બોર્ડ દ્વારા નીમાયેલ ઉચ્ચ અધિકારીઓની તપાસ કમીટીએ તપાસ હાથ ધરી છે. આ અંગે ગુજરાત શિક્ષણ બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે, ઉત્તરવહી ગુમ થવાની અને રસ્તે રઝળતી મળી આવવાની ઘટના ખૂબ જ ગંભીર છે તેને ધ્યાનમાં લઈને બોર્ડ દ્વારા આ અંગે તપાસ શરૂ દેવાઈ છે. આ ઉત્તરવહી લઈ જવાની જવાબદારી જેના શીરે હતી તે કલાર્કની પ્રાથમિક પૂછપરછ કરવામાં આવી છે. કલાર્કે એવો જવાબ આપ્યો છે કે, એમ ઉત્તરવહી લઈને મીની બસમાં જઈ રહ્યા હતા. ઉત્તરવહી જ્યાં રાખી હતી ત્યાં જ એમ પણ બેઠા હતા. ઉબડ-ખાબડ રસ્તા અને ઢોળાવ હોવાથી બસથી બારીનો કાચ સરકીને ખુલી જતાં કદાચ ઉત્તરવહીઓ નીચે પડી ગઈ હશે, જ્યારે બીજી તરફ, ઉત્તરવહીઓ પરત મેળવતા માટે બોર્ડના ઓએસડી એમ.એસ.પઠાણ અને જિલ્લા શિક્ષણાધિકારી નવનીત મહેતા વાઘોડિયા પોલીસ મથકે દોડી ગયા હતા. જો કે, આ ઉત્તરવહીઓ સીઆરપીસીની કલમ-૧૦૨ મુજબ કબજે લેવાઈ હોવાથી હવે તે માત્ર કોર્ટના હુકમથી જ મળી શકે તેમ જાણકારી મળતાં જ તેઓ કોર્ટમાં અરજી આપી પરત ગયા હતા. જેના પગલે બોર્ડના જોઈન્ટ સેક્રેટરી પી.પી. ડામોર દોડી ગયા હતા. તેમણે કોર્ટમાં આ ઉત્તરવહીનો કબજો મેળવવા માટે અરજી કરી હતી. જો કે કોર્ટ દ્વારા એમ જણાવાયું હતું કે ઉત્તરવહી મળી છે, તેવી બાંહેધરી સાથે આ ઉત્તરવહીનો કબજો અરજી જિલ્લા શિક્ષણાધિકારીએ આપી હોવાથી કબજો તેમને જ સોંપવામાં આવશે. તેથી જોઈન્ટ સેક્રેટરીને પણ પરત જવું પડ્યું હતું.

# મનની પરિસ્થિતિને ઓળખીઓ : યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૪

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત સંસ્થા દ્વારા શ્રી શ્રી યોગ કોર્ષનું આયોજન તારીખ ૮-૪-૨૦૧૪ થી ૧૩-૪-૨૦૧૪ દરમ્યાન સવારે ૬.૩૦ થી ૮.૩૦ તથા બેઝીક કોર્ષનું આયોજન સાંજે ૬.૩૦ થી ૯.૩૦, બીજો માળ, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેકટર-૧૧ ખાતે કરવામાં આવેલ છે.

આ શિબિરમાં રજીસ્ટ્રેશન માટે સુરેશભાઈ પરમાર - ૯૪૨૬૩-૦૦૩૦૩ નો સંપર્ક કરવો. આ શિબિરમાં આપણે આપણા મનની પરિસ્થિતિને ઓળખતા થઈએ તેવો વાર્તાલાપ, સાદી કસરતો, પ્રાણાયામ, 'સુદર્શન ક્રિયા', સ્વજાગૃતિ અને ધ્યાનની અનેક પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સુદર્શન ક્રિયાએ શ્વાસોચ્છ્વાસની અદ્‌ભૂત પ્રક્રિયા છે. જેનાથી મનમાં ઉત્પન્ન થતી નકારાત્મક લાગણીઓ જેવી કે ધૃણા, ગુસ્સો, દુઃખ, નિરાશા, લઘુતાગ્રંથિ વગેરે દૂર થાય છે. આ શિબિર થકી રોગ પ્રતિકારકશક્તિમાં વધારો, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, સ્પોન્ડીલાયટીસ તેમજ સાંધાના દુઃખાવો જેવા રોગોમાં જડમૂળથી ફાયદો થાય છે.

# હાસ્ય સમ્રાટ શાહબુદ્દીન રાઠોડના ભવ્ય ડાયરાનું આયોજન

ગુજરાતના હાસ્ય સમ્રાટ અને પ્રખ્યાત ટીવી સીરીયલ પાપડ પોલ શાહબુદ્દીન રાઠોડ કી રંગીન દુનિયાના સર્જક અને લેખક શાહબુદ્દીન રાઠોડ સાથે પહાડી અવાજથી જાણીતા થયેલા અભેસિંહ રાઠોડ તથા કોકીલ કંઠીની ગાયિકા મીના પટેલનો ભવ્ય ડાયરો તા. ૧૨મી એપ્રિલ શનિવારે ભાટ ગામે એપોલો હોસ્પિટલ પાસે આવેલ નારાયણી હાઈટ્સ ખાતે યોજાશે. આ ડાયરાનો સમય સાંજે ૭.૩૦ વાગ્યાનો રાખવામાં આવેલ છે. આ ડાયરાને માણવા માટે નારાયણી હાઈટ્સ પરથી પ્રવેશ પાસ મેળવી લેવાના રહેશે.







## વિદ્યાર્થીઓને શિક્ષણકીટ વિતરણ કરાઈ

સાબર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ અને સાબર ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ તાજપુર દ્વારા ગઈ ૩૧ના રોજ ગાંધીનગર જિલ્લાના ઉનાવા અને લીંબોદરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, નોટબુક, પેન્સિલ, રબર, સ્લેટ સહિતની સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબર ઈન્સ્ટીટ્યુટના ટ્રસ્ટી મનીષભાઈ પટેલ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના સાહિત્ય રસીકો માટે રવિવારે પુસ્તક પરબ કાર્યક્રમ યોજાશે

## વિના મૂલ્યે બે પુસ્તક લઈ જઈ શકાશે

ગાંધીનગર, તા.૪

શહેરના યુવાનો સાહિત્યથી વાકેફ થાય તે માટે નગરમાં પુસ્તક પરબ કાર્યક્રમ યોજવમાં આવે છે ત્યારે તા. ૬ એપ્રિલ રવિવાર ઘ-૪ સર્કલ પર સવારે ૭ થી ૯.૩૦ સુધી આ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગરમાં છેલ્લા ચાર મહિનાથી દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ કાર્યક્રમ યોજાય છે. કાર્યક્રમમાં જુના-નવા પુસ્તકો વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ લેવામાં પણ આવે છે. પુસ્તક પરબમાં સાહિત્ય વાંચન માટે પ્રસિધ્ધ પુસ્તકો મુકવામાં આવે છે.

ઘ-૪ સર્કલ ખાતે દર મહિનાના પ્રથમ રવિવારે નગરના યુવાનો સાહિત્ય પ્રત્યે રસ દાખવે તેમજ જ્ઞાન મેળવે તે માટે સાહિત્ય પ્રેમીઓ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવે છે. પુસ્તક પરબ કાર્યક્રમમાં નગરના રહીશો પોતાની પાસેના જુના પુસ્તકો સેવા અર્થે આપી શકે છે.

# સર્વોપરી ભારત : 'સ્વ' પહેલાં 'સ્વદેશ'

એક સરસ કાવ્યપંક્તિથી શરૂ કરીએ...

રાષ્ટ્ર કે લિયે જિયેં રાષ્ટ્ર કે લિયે મરેં
સાધના કે બન પ્રદીપ અંધકારકો હરેં

અહીં પળ-પળ રાષ્ટ્ર માટે જીવવા-મરવાની વાત છે.
દીવો બનીને દેશને અજવાળવાની વાત છે
રાષ્ટ્ર છે તો આપણે છીએ

અંગ્રેજીમાં એક સરસ કથન છે-

**if nation lives, who dies?**
**if nation dies, who lives?**

સ્વદેશ સાથે આપણું સમગ્ર અસ્તિત્વ જોડાયેલું છે...

જેમ બિંદુનો સિંધુ સાથેનો છે, તેમ આપણો રાષ્ટ્ર સાથેનો સંબંધ છે -

બિંદુમાં ગુણ મહાસિન્ધુનો
વ્યક્તિ-વ્યક્તિમાં પરમેશ્વરનો...

'સ્વદેશ' વિના 'સ્વ'નું અસ્તિત્વ જ શકય નથી. માટે સ્વદેશ હિત માટે... સ્વરાષ્ટ્ર- રક્ષા માટે આપણી જાતને ઓગાળી દેવી પડે તો ભલે.. પણ, અમે સ્વદેશ-હિતની વાત જ અમારે હૈયે ધારણ કરીશું આ રીતે-

જગા રહી તુમ્હે અતીત કી કહાનિયાં
સ્વતંત્ર દેશ-દીપ પર મિટી નિશાનિયાં
પંજાબ, કાશ્મીર, બંગ-ભૂ જગા રહી
જગા રહી સુહાગ સે લૂટી જવાનિયાં
સ્વદેશ-હિત શિવા-પ્રતાપ સા વિરાગ લે
વ્રતી મહાન દેશ કે ઉઠો ઉઠો ઉઠો....

આમ તો 'સ્વ' અને 'સ્વદેશ' અભિન્નપણે જોડાયેલા છે. એનો અર્થ એ છે કે આપણે 'સ્વ'નો પૂર્ણપણે વિકાસ કરવો અને પછી એને સ્વદેશના હિતમાં ઉપયોગમાં લેવો. આપણા પૂર્ણ વિકસિત વ્યક્તિત્વનું વિલીનીકરણ સ્વદેશના હિતમાં થાય એમાં જ આપણા જીવનનું સાર્થકય.

બીજા શબ્દોમાં કહીએ તો આત્મગૌરવ અને રાષ્ટ્ર ગૌરવના સમન્વય અને સામંજસ્યમાંથી જ સધાશે રાષ્ટ્રનું પુનઃનિર્માણ. સ્વદેશ માટે સમર્પિત થઈ જનારા અને સ્વની લેશમાત્ર ચિંતા ન કરનારાં સેંકડો-હજારો ઉદાહરણો આપણાં દેશમાં છે.

- મહાત્મા ગાંધીજી પોતાના અંગ પર માત્ર એક વસ્ત્ર જીવનભર ધારણ કરીને અંગ્રેજ શાસન સામે ઝઝૂમ્યા અને આઝાદીના વાહક બન્યા.

- વીર સાવરકર આંદામાનની સેલ્યુલર જેલમાં બબ્બે જન્મ ટીપની સજા ભોગવતાં.. કાળી યાતનાઓ સહન કરતાં કરતાં પણ 'સ્વતંત્રતા-દેવી'ની ઉપાસના કરતાં રહ્યાં.

- ચંદ્રશેખર આઝાદે દેશની આઝાદી માટે પોતાની યુવાની કુરબાન કરી દીધી.

- સરદાર ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, ખુદીરામ બોઝ, રામપ્રસાદ બિસ્મિલ, પ્રફુલ્લ ચાકી, ચાફેકર બંધુઓ, વાસુદેવ બલવંત ફડકે.. અરે, કેટલાં નામ બોલું? ઈતિહાસના મહાગ્રંથોનાં અગણિત પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે અંકિત એવાં નામો છે જે શહીહીના અલંકારથી શોભી રહ્યાં છે. એમણે જીવનનું ભૌતિક સુખ ન માણ્યું. જીવનનાં પ્રોલભનો કે રંગરાગ એમને સ્પર્શી ન શકયાં.

-સુભાષચંદ્ર બોઝ જેવાં મહાન નેતાએ પરેદેશીઓની નોકરી... ગુલામી ન સ્વીકારી અને 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરીને બ્રિટિશ સલ્તનતનાં હાજાં ગગડાવી નાંખ્યા.

- અરે.. આ મોટાં મોટાં નરવીરોનાં નામો સામે કેટલાક વીર બાળકોની શહીદી પણ યાદ કરવા જેવી છે.

- આજથી ૩૫૦-૪૦૦ વર્ષ પહેલાં અમૃતસરના ચોકમાં એક ૭ વર્ષનો બાળક વીર હકીકતરાય સ્વધર્મ- રક્ષા માટે વસંતપંચમીના દિવસે શહીદ થઈ ગયો.

- ગુરુ ગોવિંદસિંહના સિંહ શાવકો.. ચાર ચાર વીર પુત્રો, અજિતસિંહ, ઝુઝારસિંહ, ફતેહસિંહ અને જોરાવરસિંહ સ્વધર્મ અને સ્વદેશ કાજે માતૃભૂમિને સમર્પિત થઈ ગયા.

-ઝાંસીની રાણી બાવીસ વર્ષની ભરયુવાનીએ હાથમાં તલવાર અને હૃદયમાં સ્વદેશ ભક્તિ ધારણ કરીને અમર બની ગઈ.

- રાણી દુર્ગાવતી અને રાણી ચેન્નામા જેવી વીરાંગનાઓએ મહિષાસુર- મર્દિની દુર્ગા જેવું રૂપ ધારણ કરીને દુશ્મનોને મહાત કર્યા.

અદ્‌ભુત છે ઈતિહાસ આપણો
અહીં ધીર, વીર, સંતોને સિદ્ધો થયા.
શૌર્ય, સાહસ અને પરાક્રમ- એવા શબ્દોમાં અર્થ
ભરનારા હજારો નર-નારી રત્નો થયા.

સ્વામી વિવેકાનંદ જેવા માત્ર ૩૦ વર્ષના આયખામાં હજારો વર્ષોનું કામ કરી સ્વદેશ માટે જીવી જનારા વિશ્વમાનવો થયા. રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ અને સમર્થ રામદાસ જેવા પથદર્શકો પાક્યા.

સાચે જ, આપણો દેશ, મહાન છે, વિશ્વગુરુ છે...

'ભા' મેં રત 'ભારત' કહતે હૈ

તેજોમય છે દેશ આપણો.
એનાં તેજકિરણોથી સમગ્ર વિશ્વ દેદીપ્યમાન છે.

સ્વદેશ માટે જીવવું અને મરવું બંને લહાવો છે.

એક સમય હતો, જ્યારે દેશ માટે મરી ફીટવાની જરૂર હકી,

આજે પળે પળ દેશ માટે જીવી જવાની જરૂર છે.

ચાલો, સ્વદેશ માટે પળેપળ જીવીએ, સ્વદેશપ્રેમમાં પ્રતીક બનીએ અને આપણી સ્વદેશભક્તિથી સ્વદેશને શક્તિસંપન્ન કરીને વિશ્વમાં સર્વોપરી બનાવીએ...

ભારત માતા કી જય....

- હર્ષદ પ્ર. શાહ

## હિંમતનગરમાં પાંચ કોપી કેસ નોંધાયા

# ધોરણ-૧૧ સાયન્સમાં જીવ વિજ્ઞાન પેપર ખુબ જ સરળ

અમદાવાદ, તા.૦૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં આજે જીવ વિજ્ઞાનનું પેપર હતું. આ પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

જો કે પરીક્ષા દરમ્યાન હિમ્મતનગરમાં પાંચ કોપી કેસ નોંધાતા ચકચાર મચી જવા પામી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં આજે ગેરરીતીના કુલ પાંચ કેસ, ૨૦ સાબરકાંઠા જિલ્લાના હિમ્મતનગરમાં નોંધાયા હતા. જેમાંથી એક કેસ હિમ્મત હાઈસ્કુલ અને ચાર કેસ માયઓન હાઈસ્કુલમાં નોંધાયા હતા. જેના પગલે ફ્લાઈંગ સ્કવોર્ડના અધિકારીમાં દોડધામ મચી જવા પામી હતી. જો કે આ શિવાય સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી.

બીજી તરફ જીવ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સરળ રહ્યું હોવાના કારણે વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. આજના પેપરમાં વિદ્યાર્થીઓએ જવાબ લખવામાં ખાસ કોઈ સમસ્યા ન પડી હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું, ત્યારે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં આવતીકાલે ગણિતનું પેપર લેવામાં આવશે. ગણિતનું પેપર હોવાથી ગ્રુપ એના વિદ્યાર્થીઓ આજે રજાનો લાભ ઉઠાવીને મોટાભાગના અભ્યાસક્રમનું પુનરાવર્તન કરી લીધું હતું,

જ્યારે ગ્રુપ-બીના વિદ્યાર્થીઓને આવતીકાલે રજા રહેશે. આવતીકાલની પરીક્ષા પણ સવારે ૧૦:૩૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન લેવામાં આવશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧